# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-03-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM EKTA YATRA

અખિલ ભારતીય કુર્મી પાટીદાર મહાસભા દ્વારા આયોજિત સરદાર એકતા યાત્રાનું અમદાવાદથી પ્રસ્થાન થયું હતું. આ યાત્રાનો આરંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હંમેશાં સરદાર સાહેબનું સન્માન કર્યું છે. સરદાર સાહેબના વિચારો અને જીવનમૂલ્યોને જન જન સુધી પહોંચાડી 'એક ભારત શ્રેષ્ઠ ભારત' માટેના પ્રયાસો થઇ રહ્યાં હોવાનો પણ મુખ્યમંત્રીએ ઉલ્લેખ કર્યો હતો. આ યાત્રા સરદાર સાહેબનું સમર્પણ, દેશપ્રેમ અને તેમની અટલ એકતાની ભાવનાને જનજનમાં જીવંત કરશે તેમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

( બાઇટ- ભૂપેન્દ્ર પટેલ )

ગુજરાત અને મધ્ય પ્રદેશના વિસ્તારોમાં યોજાનાર આ યાત્રામાં સરદાર પટેલના જીવન સાથે જોડાયેલી અમૂલ્ય ચીજવસ્તુઓ લોકોના દર્શન માટે રાખવામાં આવી છે.

# CITIZENS RETURN

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે 170 જેટલા નાગરિક આજે વહેલી સવારે વિશેષ ફ્લાઇટ મારફતે સુરક્ષિત અમદાવાદ પરત ફર્યા છે. દુબઈથી એક વિશેષ રાહત ફ્લાઇટ ભારતીય નાગરિકોને લઈને સવારે 5 વાગ્યાના સુમારે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય હવાઈ મથકે પહોંચી. ફ્લાઇટ FZ 8437 તરીકે કાર્યરત આ વિમાન, સંઘર્ષથી પ્રભાવિત મુસાફરોના પરત ફરવાની સુવિધા માટે ખાસ પરિસ્થિતિઓમાં સંચાલિત કરાયું હતું. સ્વદેશ પરત ફર્યા બાદ મુસાફરોએ સરકારનો આભાર માન્યો હતો.

# ADG KAKDIYA VISIT

આકાશવાણી દિલ્હી ખાતેના અધિક મહાનિદેશક-ADG ધીરજ કાકડિયાએ આજે આકાશવાણીના અમદાવાદ કેન્દ્રની મુલાકાત લીધી. તેમણે આકાશવાણી સમાચાર વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ સાથે બેઠક યોજી હતી જેમાં તેઓએ સમાચારમાં સોશિયલ મીડિયાના ઉપયોગ પર વિશેષ ભાર મૂક્યો. દરમિયાન તેમણે કર્મચારીઓની રજૂઆતો પણ સાંભળી હતી અને તેનું નિરાકરણ લાવવા ખાતરી આપી. દરમિયાન તેમણે સ્ટુડિયોની પણ મુલાકાત લીધી જ્યાં તેમણે FM હેડલાઇન લાઈવ સાંભળી હતી. ઉપરાંત શ્રોતાઓએ આકાશવાણીને લખેલા પોસ્ટ કાર્ડ પણ વાંચ્યા હતા.

અંતે તેમણે અભિપ્રાય બૂકમાં પોતાની મુલાકાત અંગે વિશેષ પ્રતિભાવ પણ આપ્યો. શ્રી કાકડિયાએ આકાશવાણી પરિસરમાં એક પેડ મા કે નામ અંતર્ગત વૃક્ષારોપણ પણ કર્યું.

# SNR GANGA SWARUPA

સુરેન્દ્રનગરના પંડિત દીનદયાળ ઉપાધ્યાય ટાઉનહોલ ખાતે કલ્યાણકારી યોજનાઓની સહાયનું વિતરણ કરાયું હતું.. નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણાના અધ્યક્ષસ્થાને 'ગંગા સ્વરૂપા આર્થિક સહાય', 'નિરાધાર વૃદ્ધ' અને 'દિવ્યાંગ સહાય યોજના'ના લાભાર્થીઓને હુકમ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વઢવાણ અને સુરેન્દ્રનગરના કુલ ૬૬૮ લાભાર્થીઓને વિવિધ સરકારી યોજનાઓના મંજૂરી પત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમને સંબોધતા નાયબ મુખ્ય દંડકે જણાવ્યું હતું કે, સુરેન્દ્રનગરના ઇતિહાસમાં કદાચ આ પ્રથમ પ્રસંગ છે જ્યાં એક જ શહેરના ૬૬૮ જેટલા લાભાર્થીઓને શોધી, તેમના ફોર્મ ભરાવીને એક જ સ્થળેથી સહાયના હુકમો આપવામાં આવ્યા હોય. આ માત્ર સરકારી પ્રક્રિયા નહીં પણ સંવેદનશીલતાનો યજ્ઞ છે. ૧૯૭ ગંગા સ્વરૂપા બહેનોને સહાય, ૧૬ લાભાર્થીઓને રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ ૨૦ હજાર રૂપિયાના ચેક અને ૪૪૫ નિરાધાર વૃદ્ધો તથા દિવ્યાંગોને માસિક એક હજાર રૂપિયાની સહાય મંજૂર કરવામાં આવી છે.

# GNR GMERS WORLD HEARINGDAY

ગાંધીનગર સ્થિત GMERS મેડિકલ કોલેજ સંલગ્ન સિવિલ હોસ્પિટલના ઈ.એન.ટી. (ENT) વિભાગ દ્વારા વિશ્વ શ્રવણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે હોસ્પિટલમાં સફળતાપૂર્વક કોક્લીઅર ઈમ્પ્લાન્ટ ઓપરેશન કરાવનાર બાળકો અને તેમના વાલીઓ માટે એક વિશેષ માર્ગદર્શન અને ફોલો-અપ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિભાગના પ્રાધ્યાપક અને વડા ડૉ. યોગેશ ગજ્જર તથા તેમની તબીબી ટીમ દ્વારા લાભાર્થી બાળકો અને તેમના માતા-પિતા સાથે સીધો સંવાદ કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં ઈમ્પ્લાન્ટની લાંબા ગાળાની જાળવણી અને સારસંભાળ રાખવી, તે અંગે વિસ્તૃત સમજૂતી આપવામાં આવી હતી. તદુપરાંત, ઓપરેશન બાદ બાળકની પ્રગતિ અને 'ઓડિયો વર્બલ થેરાપી' (AVT) ના પરિણામોની સમીક્ષા કરવામાં આવી હતી. વાલીઓને પડતી મુશ્કેલીઓ સાંભળીને સ્થળ પર જ તેનું યોગ્ય નિરાકરણ લાવવામાં આવ્યું હતું.

# BHUJ THREAT

કચ્છના ભૂજની સેશન્સ કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે.. ઇમેઇલ કરીને આ ધમકી આપવામાં આવી છે.. આ ધમકીભર્યા ઇમેઇલ બાદ પોલીસ અદાલતના પરિસરમાં પહોંચી હતી અને કોર્ટને ખાલી કરી દીધી હતી. તેમજ તપાસ હાથ ધરી હતી... અગાઉ પાસપોર્ટ ઓફિસને ઉડાવી દેવાની ધમકી બાદ હવે કોર્ટને ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે.

# NOON ICC T20 WORLD CUP

ICC ટી20 ક્રિકેટ વિશ્વકપની બીજી સેમિફાઈનલ મેચ આજે ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે રમાશે. મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં સાંજે સાત વાગ્યે મેચ શરૂ થશે. ગઈકાલે પહેલી સેમિફાઈનલમાં ન્યૂઝિલેન્ડે દક્ષિણ આફ્રિકાને નવ વિકેટથી હરાવી ફાઈનલમાં સ્થાન મેળવ્યું છે. ન્યૂઝિલેન્ડની ટીમે 12.5 ઑવરમાં એક વિકેટ ગુમાવી 173 રન કરીને મેચ જીતી લીધી. ટીમના ખેલાડીએ ફિન ઍલને અણનમ 100 રન બનાવતા તેમને “મેન ઑધ ધ મેચ” જાહેર કરાયા હતા.